# સાધ્વી જયશ્રીગીરીની કોર્ટ દ્વારા અરજી નામંજુર, જ્યુડિશિયલ કસ્ટડીમાં મુકવા આદેશ

સાધ્વી જયશ્રી ગીરી ના ત્રણ દિવસ ના પોલીસ રિમાન્ડ પુરા થતા પોલીસે આજે સાધ્વી ને કોર્ટ માં હાજર કરી હતી કોર્ટમાં સાધ્વી ના વકીલ એ જમીન અરજી રજુ કરી હતી જો કે કોર્ટ સાધ્વી ની અરજી ને ના મંજુર કરી હતી અને પોલીસ હિરાસત માંથી સાધ્વી ને જયુડીસીયલ કસ્ટડી માં મુકવાનો આદેશ કર્યો હતો સાધ્વી જયશ્રીગીરી સામે વડગામ માં પણ બે ફરિયાદ દાખલ થઇ છે જેથી સાધ્વી ને હવે વડગામ પોલીસ નોધાયેલ ફરિયાદ મામલે તપાસ માટે વડગામ લઈ જવા માટે તજવીજ હાથધરી છે જો કે મીડિયા સામે સાધ્વી એ પોલીસ ની તપાસ પર વિશ્વાસ હોવાનું જણાવ્યું હતું જો કે છેલ્લા એક સપ્તાહ થી સાધ્વી જયશ્રીગીરી કાનૂની સકંજા ફસાયેલી છે ત્યારે સાધ્વી સામે અનેક ફરિયાદ દાખલ થઈ છે જેથી પોલીસે હવે જોરશોરથી નોધાયેલ ફરિયાદ તપાસ હાથધરી છે.

## વિવાદિત સાધ્વીનો બર્થ ડે પાર્ટીનો વિડિયો વાયરલ થતા ચકચાર

સાધ્વી જય્શ્રીગીરી ના વિવાદ દિનપ્રતિદિન સામે આવી રહ્યા છે



સાધ્વી પોતાના જન્મ દિવસનું ધામ ધૂમથી ઉજવણી કરતા હોય તેવા વિડીયો વાયરલ થયો છે મોજશોખ ની રંગીન દુનિયા માં જશ્ન મનાવતી સાધ્વી આ વિડીયો માં નજરે પડે છે બોલીવુડ ના પાણી પાણી ગીત પર જન્મ દિવસ પર સંસારી જીવન ની જેમ જલસા કરતી સાધ્વી વિડીયો માં નજરે પડે છે સિદ્ધપુર હાઈવે પર આવેલી ખાનગી હોટલ માં સાધ્વી એ પોતાનો જન્મ દિવસ ધામધુમથી ઉજવણી કરી હતી એક પછી એક વિવાદાસ્પદ કિસ્સાઓ સામે આવી રહ્યા છે ડાયરામાં નોટો ની વરસાદ કર્યા બાદ સાધ્વી ના શાહી શોખ નો આ નવો વિડીયો વાયરલ થયો છે ત્યારે સાધ્વી જય્શ્રીગીરી ની મુશ્કેલીઓ દિવસે ને દિવસે વધી રહી છે અત્રે ઉલ્લખનીયે છે કે અગાઉ ચોલ ક્રિયા ના હવામાં ફાયરિંગ કરતા વિડિઓ વાયરલ થયા બાદ વડગામ પોલીસ મથક ફરિયાદ પણ નોંધાઈ છે.

## જયશ્રીગીરી સામે વધુ એક ફરિયાદ

જયશ્રી ગીરી સામે વધુ એક ફરિયાદ પાલનપુર પચીમ પોલીસ મથકમાં નોધાઈ છે ૫ કરોડની છેતરપીડીની ફરિયાદ પરત ખેચવા માટે પ્રીતેશ શાહને કેટલાક અજાણ્યા બાઈકચાલકોએ ધમકી આપી હતી. આજે પ્રીતેશ શાહ એ આજે પચીમ પોલીસમાં વધુ એક ફરિયાદ સાધ્વી સામે કરી છે.જાન્યુઆરીથી આજદિન સુધી ૧૦ જેટલી ફરિયાદ પોલીસ દફતરે નોધાઈ ચુકી છે જેથી હવે સાધ્વી માટે કાનૂની સકંજો દિવસેને દિવસે મજબુત બનતો જાય છે. વૈભવી જીવનના શોખ ધરાવતી સાધ્વી કાનૂની કાયદામાં આરોપી જેમ દિવસો પસાર કરી રહી છે તો બીજી તરફ સાધ્વી સામે નોધાયેલ શશીકાંત જોશીના ફરિયાદના પોલીસે ચિરાગ રાવલના રિમાન્ડ દરમિયાન કાળા કલરની સ્કોર્પીઓ ગાડી પોલીસે કબજે કરી છે.




## ડીસા રેલવે સ્ટેશન રોડના કામ સામે ગેરરીતિનો આક્ષેપ

ડીસા પાટણ ચાર રસ્તાથી રેલ્વે સ્ટેશન રોડનું કામ છેલ્લા આઠ મહિનાથી અધુરૂ પડયું હતું. જેની કામગીરી ચાલુ કરવામાં આવી હતી. પરંતુ નિયમ મુજબ કામ નહીં થતુ હોવાનો રહીશોએ આક્રોશ મચાવતા હંગામો મચી જવા પામ્યો હતો. ડીસા પાટણ ચાર રસ્તાથી રેલ્વે સ્ટેશન સુધીના રોડને નવો બનાવાનું કામ કાજ શરૂ કરાયાને આઠ માસ જેટલો સમય વીતી ગયો છે છતાં આ રોડ હજુ પણ અધુરો છે જેના કારણે વાહન ચાલકો અને રાહદારીઓ ભારે પરેશાનીનો સામનો કરી રહ્યા છે. ત્યારે કોન્ટ્રાકટર દ્વારા આ રોડનું ફરી કામકાજ શરૂ કરાયુ છે. પરંતુ રોડનુ કામ નિયમ મુજબ નહીં જતુ હોવાનો આક્રોશ આ વિસ્તારના રહીશોએ મચાવ્યો હતો. આ વિસ્તારના રહીશ વિજય જયંતિજી વાઘેલાએ જણાવ્યું હતું કે, આ રોડના કામમાં ગેરરીતિ થઈ રહી છે. નગરપાલિકાના જવાબદાર અધિકારીઓ રોડના કામકાજની વિઝીટ કરતા ન હોવાથી કોન્ટ્રાકટર મનમાની ચલાવી રહ્યો હોવાનો આક્રોશ રહીશોએ વ્યકત કર્યો હતો.

## ધાનેરા તાલુકાના થાવર ગામ પાસે ૨૫ વર્ષીય યુવકે ટ્રેન નીચે પડતું મૂકી આત્મહત્યા

ધાનેરા તાલુકા ના થાવર ગામ પાસે ૨૫ વર્ષીય યુવકે ટ્રેન નીચે પડતું મૂકી જીવનનો અંત આણતા સમગ્ર પાઠક માં ચકચાર મહી જવા પામી છે તો બીજી તરફ ધાનેરા પોલીસે ઘટના સ્થળે પહોંચી તાપસ ચાલુ કરી છે.

થરાદ માં રહેતા અને સેન્ટીગ માં મજૂરી કરતા હકમાભાઈ ખીરાભાઈ વણકર નામનો યુવક કામે જાઉં છું તેમ કહી ઘરે થી ૧૦ દિવસ અગાઉ નીકળ્યો હતો પરંતુ આજે આયુવક ની લાશ ધાનેરા નજીક ના થાવર ગામ પાસેની રેલવે ટ્રેક પરથી મળી આવતા મૃતક ના પરિવાર જનોમાં ભારે શોક ની લાગણી જોવા મળી હતી. અત્યારે તો ધાનેરા પોલીસે ઘટના સ્થળે પહોંચી લાશ નું પંચનામું કરી લાશ ને પીએમ અર્થે ધાનેરા ની રેફરલ હોસ્પિટલ માં ખસેડવાની તજવીજ હાથ ધરી હતી પરંતુ આ યુવકે આત્મહત્યા કરી છે કે પછી કોઈએ તેની હત્યા કરી લાશ ને ફેંકી દીધી છે તે તો પોલીસ તપાસ બાદજ બહાર આવશે.

# અંબાજીમાં વધુ એક નાણાકીય સંસ્થા ઉઠી : પ્રજાની મોટી રકમ ફસાઈ

રૂપિયા કમાવાની લહાય માં પરપોટાની જેમ ઉગી નીકળેલી કેટલીક કંપનીઓ પ્રાઈવેટ લીમીટેડ ન નામે ઓફિસો કરી લોકોને વધુ વ્યાજ આપવાની જાહેરાતો કરી પ્રજાના રૂપિયા એકત્રિત કરી પલાયન



થઈ જવાના કિસ્સા ઓ અવારનવાર સાંભળવા મળે છે. ત્યારે યાત્રાધામ અંબાજી માં આવીજ વધુ એક પ્રાઈવેટ લીમીટેડ કંપની લોકોના રૂપિયા લઈ પલાયન થઈ જવાનો કિસ્સો બહાર આવ્યો છે.

યાત્રાધામ અંબાજી માં અગાઉ શરૂ થયેલી.સંજીવની, ખેતેશ્વર, નવજીવન, વિશ્વામિત્ર જેવી કેટલીક મલ્ટી સ્ટેટ ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટીઓ. લોકોના પૈસા લઈને અંબાજી થી પોતાની ઓફીસો બંધ કરી ફરાર થઇ ગયાના કિસ્સા ની વાત હજી ભુલાઈ નથી ત્યાં વધુ એક પ્રાઈવેટ લીમીટેડ કંપની લોકોના રૂપિયા લઈને નાસી છુટી છે. સુરત ની એક આસ્થા ઈન્ટરનેશનલ લીમીટેડ કંપની ની કંપની દ્વારા સંચાલિત ડ્રીમ રીડર્સ એકેડેમિક સીસ્ટમ પ્રાઈવેટ લીમીટેડ ની એક બ્રાંચ અંબાજી ખાતે શરૂ કરાઈ હતી. જેમાં લોકોને ૩ વર્ષ માં ડબલ નાણા કરી આપવાની લોભામણી જાહેરાતો કરી લોકો પાસે બાર – બાર હજારો ને રસીદો બનાવી તેમજ ક્રેડીટ કાર્ડ ને ડેબીટ કાર્ડ જેવાજ ઓળખ પત્ર આપી મોટી રકમ એકત્રિત કરાઈ હતી. પણ ત્રણ વર્ષ પુરા થાય તેવામા તો અંબાજી માં સારું થયેલી આ આસ્થા ઈન્ટરનેશનલ લીમીટેડ ની ઓફીસ લાપતા બની ગઈ હતી. ને જયારે છેતરામણી નો ભોગ બનનાર ઈલા ઉર્ફે શીલાબેન સોમપુરા ના જણાવ્યા મુજબ તેના સંચાલક તરીકે કામ કરતા છાયાબેન ને મળતા તેમને માત્ર ઠાલા આશ્વાસનો અપાતા ગ્રાહકો હવે પોતે લાલચ માં આવી છેતરાયનો અનુભવ કરી રહ્યા છે. ને ૨૦૧૦ માં રોકાણ કરેલા ગ્રાહકોના નાણા ૨૦૧૩ માં મળી જવા જોયતા હતા પણ આજે ૨૦૧૭ની સાલ શરૂ થઈ જવા છતાં ગ્રાહકોને કોઈજ રકમ પરત આપવામાં આવી નથી ને નાદાર બનેલા ગ્રાહક રાજુભાઈ કિશોરભાઈ હવે પોતાની રોકેલી રકમ પરત મેળવા પોલીસ ના શરણે જવાનું વિચારી રહ્યા છે.

જોકે છેતરામણી નો ભોગ બનનાર ના જણાવ્યા મુજબ આ કંપની ના અંબાજી ખાતે ના સંચાલક છાયાબેન દ્વારા તાજેતરમાંજ એક અન્ય વિશ્વામિત્ર પ્રોડેક્ટર કંપની લીમીટેડ ની અંબાજી ખાતે બ્રાન્ચ શરૂ કરી હતી અને તેમાં પણ લોકોના લાખો રૂપિયા લઈ કંપની પલાયન થઈ ગઈ હતી. ત્યારે આવી અંબાજી માં હજી કેટલીક સંસ્થાઓ કાર્યરત જોવા મળી રહી છે. ત્યારે ગ્રાહકો હજી પણ ની જાકે તો તેમને પણ રાતા પાણીએ રોવાનો વારો આવે તેવું લાગી રહ્યું છે. ત્યારે આજે પણ કેટલીક મલ્ટી સ્ટેટ ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટીઓ લોકોમાં લાખો રૂપિયાનું રોકાણ કરાયેલું છે. પણ શરમના કારણે કેટલાક મોટા માથા બહાર આવી નથી રહ્યા. પણ પોતાના રૂપિયા ફસાયા હોવાનો એહસાસ ચોકકસ કરી રહ્યા છે. ને પોતાના ફસાયેલા રૂપિયા પરત કેવી રીતે મેળવા તેની ખાનગી મીટીંગો કરી રહ્યા હોવાનું પણ ભારે ચર્ચાસ્પદ બન્યું છે.



## મોડાસા ટાઉન પોલીસને ફરી ધૂણ્યુ ટ્રાફિકનુ ભૂત

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના મુખ્યમાર્ગો પર શાકભાજીની લારીઓવાળા અને જિલ્લાના કામકાજ અર્થે અને ખરીદી કરવા આવતા જિલ્લાવાસીઓ તેમના વાહનો જાહેરમાર્ગ પર ખડકી દેતા હોવાથી મોડાસામાં ટ્રાફિકની સમસ્યા સતત માથાના દુઃખાવા સમાન બની રહી છે. મોડાસા ટાઉન પોલીસતંત્ર દ્વારા સમયાંતરે ટ્રાફિક હટાવવા કવાયત હાથ ધરવામાં આવે છે ત્યાર બાદ નિષ્ક્રિય બની જતી પોલીસ મંગળવારે ફરીથી મોડાસા બસસ્ટેન્ડથી ચાર રસ્તા સુધીના મુખ્ય માર્ગ પર ટ્રાફિકની કામગીરી હાથ ધરતા શાકભાજીની લારીવાળા અને વાહનચાલકોમાં નાસ-ભાગ મચી ગઈ હતી. ટાઉન પોલીસે ટોઈંગવાનમાં લારીઓ સહિત વાહનોને જપ્ત કરી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી. ટ્રાફિક કામગીરી નિહાળતા પ્રજાજનો મોડાસા ટાઉન પોલીસની દેખાવપૂર્તિ કામગીરીના બદલે સતત ટ્રાફિક ઝુંબેશ હાથ ધરી ટ્રાફિકના નિયમનો ભંગ કરતા લોકો સામે દંડાત્મક કાર્યવાહિ કરવાની માંગ કરી હતી.

## હિંમતનગર ખાતે ૨૭ ગોળ પ્રજાપતિ સમાજનો સમુહલગ્નોત્સવ યોજાયો

હિંમતનગર, તા. ૭

શ્રી ૨૭ ગોળ પ્રજાપતિ સમાજનો ૨૪મો સમુહ લગ્નોત્સવ હિંમતનગરમાં યોજાયો હતો. તા. ૫-૨-૧૭ રવિવાર સમાજવાડીમાં યોજાયો જેમાં ૨૬ નવદંપતિ લગ્નગ્રંથિથી જોડાયા હતા. દાતાઓનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. ૫૦૦૦ સમાજના માણસો પધાર્યા હતા.

આકરૂન્દની ૧૦ વર્ષની નાની બાળાએ બેટી બચાવો બેટી પઢાવો ઉપર સુંદર વક્તવ્ય આપ્યુ હતુ. તેજસ્વી તારલાઓનુ શિલ્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું. બીન જરૂરી ખોટા ખર્ચા કરવા નહી, સમુહ લગ્નની સમિતિ સુંદર કામગીરી બદલ સમાજજનોએ બિરદાવી હતી. આ પ્રસંગે સમાજના વડીલો અને દાનવીરો ઉપસ્થિત રહ્યા હતા. સમાજ તરફથી પસંદગી મેળાનું આયોજન કરેલ છે. અંતમાં આશિર્વચન સમાજના મંદિરના મહારાજે આપ્યુ હતુ.




## મોડાસા ખાતે નવ નિર્વાચિત સરપંચોનો સન્માન સમારંભ યોજાયો

અરવલ્લી જિલ્લા પંચાયત દ્વારા મોડાસા ખાતે ટાઉનહોલમાં નવા વરાયેલા સરપંચોનો સન્માન સમારંભ યોજાયો હતો અને આ સરપંચોને પંચાયતી રાજ માટે જરૂરી તાલીમ પણ આપામાં આવી હતી. સાથે સાથે વહીવટી કામકાજ માટે વર્ષ ૨૦૧૭ની ડાયરી પણ આપવામાં આવી હતી. જિલ્લાના મુખ્યમથક મોડાસામાં ચારરસ્તા ખાતે આવેલ ટાઉનહોલમાં આજે અરવલ્લી જિલ્લા પંચાયત દ્વારા જિલ્લામાં નવા વરાયેલા સરપંચોનો સન્માન સમારંભ યોજાયો હતો. જેમાં જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધી, કોંગી ધારાસભ્ય અને અન્ય હોદ્દેદારોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ઉપસ્થિત સરપંચોને આવકારી તેમને જરૂરી પંયાયતી રાજ માટેની તાલીમ પણ આપવામાં આવી હતી.

# વીજતંત્રની લાપરવાહીથી રૂપાલના યુવાનનુ મોત

તલોદ, તા. ૭

તલોદ તાલુકાના રૂપાલ ગામે પોતાના જે ખેતરમાં ૩૨ વર્ષની વયના ભરતસિંહ ઝાલા લીમડો કાપતી વખતે જીવતા વીજતાર લીમડામાંથી પસાર થતા હતા જેનો સ્પર્શ થઈ જતા વીજ કરંટથી ભોંય પર પટકાઈ જતા કરૂણ મોત નીપજેલ છે.

કરૂણતાની વાત એ છે કે ૪ દિકરીઓના પિતા અને ગર્ભવતી પત્નીના જીવન મોભીનુ અણધાર્યુ મોત થતા મૃતક પરિવારમાં તથા આજુબાજુના ગામોમાં શોકની લાગણી વ્યાપી ગયેલ છે.

વિદ્યુત બોર્ડની લાપરવાહીથી અનેક વૃક્ષોમાંથી વીજતાર પસાર થાય છે. જેનો વ્યવસ્થિત કરવાની જવાબદારી વીજતંત્રની છે. જે કુંભ નિંદ્રામાં હોવાથી આવા અનેક બનાવો છાસવારે બનતા રહે છે. આ વિસ્તાર ગ્રામજનો વિદ્યુત બોર્ડ સામે ભારે રોષની લાગણી વ્યાપી છે. વિદ્યુત બોર્ડ સત્વરે વૃક્ષોમાં તાર વ્યવસ્થિત કરવાની જરૂર છે.




## મોડાસામાં શબ્દસેતુ દ્વારા વસંતોત્સવ ઉજવાયો

મોડાસા નગરની સુખ્યાત સંસ્થાઓ 'શબ્દસેતુ' અને દાદા-દાદીનો વિસામો, બંનેના સંયુક્ત ઉપક્રમે વસંતોત્સવનું સુંદર આયોજન કરાયેલ હતુ. અન્નપૂર્ણા ટ્રસ્ટ સંચાલિત આ વિસામાના વડીલો સમક્ષ ડૉ. એન.જી. શાહની પ્રેરણાથી કાવ્યપાઠ કરાયો હતો. વસંતપંચમીના દિવસે આયોજિત આ કવિ સંમેલનમાં શબ્દસેતુના કવિ મિત્રો અરવિંદ ગજ્જર, સલીમ શેખ, માસુમ મોડાસવી, ડૉ. પિનાકીન પંડ્યા, ડૉ. સંતોષ દેવકર, એ.કે. પટેલ, કા.જો. પટેલ વગેરેએ પોતાની કૃતિઓ રજૂ કરી હતી. શબ્દસેતુના પ્રમુખ ડૉ. જિજ્ઞેશ સુથારે સ્વાગત અને સલાહકાર નિલેષ જોષીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતુ. ઉપસ્થિત નગરજનો અને ભાવકોએ આયોજકો અને સર્જકોને અભિનંદન પાઠવેલ હતા.

## હરસોલમાં મધરાતે ડાલુ ચોરાયું

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના હરસોલ ખાતેથી મધ્ય રાત્રી બાદ કોઈક વાહનચોર ઈસમો રૂ. ૩,૫૦,૦૦૦ હજારની કિંમતની બોલેરો ટેમ્પર ડાલુ વાહન ચોરીને લઈ જતા વાહનધારકોમાં દહેશતનો માહોલ પેદા થયો છે. ઘર આંગણે પાર્ક કરેલ આ વાહન કોઈક ઈસમો ચોરી કરી લઈ જતા વાહનમાલીકને પોલીસ ફરિયાદ નોંધાવવાની ફરજ પડી છે. હરસોલના કૈલાશનગર વિસ્તારમાં રહેતા મૂળ દાહોદ જિલ્લાના ખજૂરી ગામના વતની નાનુભાઈ રૂપાભાઈ મોહનીયા પેટા કોન્ટ્રાક્ટરના વ્યવસાયમાં જોડાયેલા છે. શુક્રવારે તેઓએ પોતાની બોલેરો ટેમ્પર ડાલુ ગાડી નં. જીજે. ૨૦.વી.૪૩૯૦ પોતાના ઘર આગળ પાર્ક કરી હતી.

# ડીસા તાલુકા વિઠોદર ગામે ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા સભા યોજાઈ

ડીસા તાલુકા વિઠોદર ગામે ક્ષત્રિય ઠાકોર સેના ધ્વરા સભા સભા યોજવામાં આવી હતી અને આ સભા ડેસસ તાલુકા ના વિઠોદર ગમે ક્ષત્રિય ઠાકોર સેના ધ્વરા એક સભા નું આયોજન કરવામાં આવ્યું હતું અને નીતિ અપનાવવા માં આવશે અને દારૂ બંધ નહિ કરવામાં આવે તો ભારે આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારી



ક્ષત્રિય ઠાકોર સેના અધ્યક્ષ સહીત મોટી સંખ્યા માં લોકોએ હાજરી આપી હતી.ગુજરાત રાજ્ય માં દારૂ બંધી માટે ઠાકોર સેનાએ મક્કમ બની છે અને ગુજરાતમાંથી દારૂ ને દેશવટો આપવા માટે રાતદિવસ મહેનત કરી રહી છે ત્યારે આજે બનાસકાંઠા જિલ્લા ના આ સભામાં ઠાકોર સમાજ ને જાગૃત બનવા માટેની હાકલ કરી હતી.

ઠાકોર સમાજ માં જાગૃતતા ની વાતો સાથે સાથે બનાસકાંઠા જિલ્લા માંથી દારૂ દૂર કરવાની પણ વાત કરી હતી અને સાથે-સાથે ચીમકી પણ ઉચ્ચારી હતી કે જો પોલીસ ધ્વરા ઢીલી હતી આ સભા માં જિલ્લા પ્રમુખ મેલાજી ઠાકોર ડીસા તાલુકા પ્રમુખ બચુજી ઠાકોર ડીસા શહેર પ્રમુખ પ્રવિણજી ઠાકોર સલાહકાર ડોક્ટર જગદીશભાઈ પ્રદેશ ખજાનચી ચકાજી ઠાકોર તેમજ મોટી સંખ્યા માં લોકોએ હાજર રહ્યા હતા.

## ધનસુરા ખાતે ૧૦મીએ પ્રગતિ સેતુ યોજાશે

ધનસુરા, તા. ૭

રાજ્ય સરકાર દ્વારા સરકારી વહીવટને પારદર્શક સંવેદનશીલ અને વેગવંતુ બનાવવાના હેતુથી પ્રવર્તમાન વહીવટી તંત્રમાં વધારાની વ્યવસ્થાનો ઉમેરો કરી રાજ્યના નાગરિકોને સ્પર્શતી સામુહિક રજુઆતોનો સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તેમજ પ્રજાલક્ષી રજુઆતોના ઉકેલની ઝડપ વધે તે માટે પ્રાંતકક્ષાએ તાલુકા વાઈઝ 'પ્રગતિ સેતુ' કાર્યક્રમ યોજવા રાજ્ય સરકારે ઠરાવેલ છે. જે અન્વયે ધનસુરા તાલુકામાં સમાવિષ્ટ ગામોનો 'પ્રગતિ સેતુ' કાર્યક્રમ જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને તા. ૧૦-૨-૨૦૧૭ શુક્રવારના રોજ સવારે ૧૦ કલાકે શ્રી જે.એસ. મહેતા હાઈસ્કૂલ, ધનસુરા ખાતે યોજવામાં આવશે. જેમાં પ્રજાજનોની રૂબરૂમાં સામુહિક પ્રજાહિતના પ્રશ્નોની રજુઆતો ઉપર સંબંધિત વિભાગના જિલ્લાકક્ષાના વડા અધિકારી સાથે ચર્ચા વિચારણા કરી આખરી નિકાલ કરવામાં આવશે.